## જન્મદિને વધામણી



**દિગિ વિપુલભાઈ પટેલ**
**(મારૂતિ મંડપ)**
**મો. ૯૪૨૪૧ ૨૯૨૪૧**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# ગુજરાત ગાર્મેન્ટ ઝોનમાં ગણતંત્ર દિવસની ઉજવણી



ગુજરાત ગારમેન્ટ ઝોન, ગાંધીનગરમાં ગણતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે ગારમેન્ટ ઉત્પાદકો એકત્ર થયા અને ચેરમેન ત્રિલોકભાઈના હસ્તે ધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે હવેનો સમય દેશને નુકસાનકારક એવા રિવાજોથી મુક્ત થવાનો છે. આ પ્રસંગે ઉપસ્થિત ૭૦૦ જેટલા નાગરિકોએ દેશની પ્રગતિ કાજે નૈતિક મૂલ્યોનું પાલન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

# એલડીઆરપી-આઈટીઆર દ્વારા એનએસએસ શિબિર



ગાંધીનગર, તા. ૨૮

એલ.ડી.આર.પી.-આઈ.ટી. આર.ના એનએસએસ સ્વયંસંવકો દ્વારા ગાંધીનગર વિસ્તારમાં સ્થિત ફતેહપુરા ગામમાં ૭ દિવસનો એનએસએસ શિબિર યોજવામાં આવ્યો હતો.

આ શિબિરમાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ, અંધવિશ્વાસ, નશાબંધી, દેશપ્રેમ, સ્વચ્છતા અને ચૂંટણીમાં મતદાનનું મહત્ત્વ જેવા વિષયો પર આધારિત કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. શેરી નાટકો, રેલીઓ, પ્રભાતફેરીના માધ્યમથી ગ્રામલોકોની જાગૃતિ અર્થે પ્રયાસો પણ કરવામાં આવ્યા હતા અને શાળાના વિદ્યાર્થીઓ માટે અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ શિબિર અંતર્ગત વિદ્યાર્થીઓનો માર્ગદર્શન, પ્રોત્સાહન આપવા કેપ્ટન નટવરભાઈ લાડાની, સેન્ચુરીયન બ્લડ ડોનર સુકેતુ મહેતા, પ્રો. જે ડી રાઓલ, ડીન સંદીપ વશિષ્ટ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામના વરિષ્ટ ચંદુકાકાનો મહત્ત્વનો સાથ આ શિબિરને મળ્યો હતો. શિબિરનું સંચાલન એલડીઆરપી આઈટીઆરના એનએસએસ પ્રોગ્રામ ઓફિસર લેફ. નોરિન જે વૈપનાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

# સ્વામિનારાયણ પોલીટેકનીકમાં પ્રથમ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન





ગાંધીનગર, તા. ૨૮

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જે તે સંસ્થાની આગવી ઓળખ અને સંસ્થાનું પ્રતિબિંબ હોય છે અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાની માતૃસંસ્થા સાથે જોડાયેલા રહે તે માટે તાજેતરમાં શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીકમાં પ્રથમ એલુમની ફંક્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના એકેડેમિક ડિરેક્ટર પ્રો. ભાવિક શાહ, પ્રો. સંજય શર્મા અને ૨૦૧૪-૧૫માં પ્રવેશ મેળવનારા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ડિરેક્ટર દ્વારા શ્રી સ્વામિનારાયણ એલુમની એસોસિએશનની ભૂમિકા રજૂ કરવામાં આવી હતી અને ભવિષ્યમાં સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓ પોતાના અને પોતાના મિત્રો થકી સંસ્થા, સમાજ અને પોતાની ઉજ્જવળ કારકિર્દીમાં કેવી રીતે પાયારૂપ ભાગ ભજવી શકે તેનું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા સંસ્થા સાથેનાં પોતાનાં સંસ્મરણો રજૂ કરવામાં આવ્યાં હતાં.

# રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સ સ્કોલરશીપ પરીક્ષામાં ઝળકી



ગાંધીનગર, તા. ૨૮

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના કેટલાક વિદ્યાર્થીઓ ૨૮ ઓક્ટોબરના રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજ્ય દ્વારા લેવામાં આવેલી પ્રાથમિક સ્કોલરશીપ પરીક્ષા તથા માધ્યમિક સ્કોલરશીપ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેનું પરિણામ બોર્ડ દ્વારા તાજેતરમાં જાહેર કરવામાં આવ્યું હતું. રેડિયન્ટ સ્કૂલ ઓફ સાયન્સના પ્રાથમિક વિભાગના બે વિદ્યાર્થી - કાવ્યા અનિલકુમાર પ્રજાપતિ અને ધૈર્યભારથી ચિરાગભારથી ગોસાઈ અને માધ્યમિક વિભાગની વિદ્યાર્થિની પ્રાંજલ દિનેશચંદ્ર પંચાલે આ પરીક્ષા પાસ કરી મેરિટમાં સ્થાન હાંસલ કર્યું છે.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિ બદલ સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કેમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ તેમને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.

# ગાંધી નિર્વાણ દિન

**॥ બીજો મણકો ॥**

સવા ચાર વાગ્યે ગોડસે અને તેમના સાથીઓએ કનૉટ પ્લેસ માટે એક ઘોડાગાડી કરી. ત્યાંથી તેમણે પછી બીજી ઘોડાગાડી કરી અને બિરલા હાઉસથી બે ગજ પહેલા ઉતરી ગયા.

બીજી બાજુ પટેલ સાથે વાતચીત દરમિયાન ગાંધી ચરખો ચલાવતા રહ્યા અને આભા દ્વારા પીરસાયેલ સાંજનુ જમવાનું બકરીનું દૂધ, કાચી ગાજર, બાફેલા શાક અને ત્રણ સંતરા ખાતા રહ્યા.

આભાને ખબર હતી કે ગાંધી પ્રાર્થના સભામાં મોડેથી જવું બિલકુલ પસંદ નથી કરતા. તે પરેશાન થઈ. પટેલને ટોકવાની તેમની હિંમત ન થઈ. કશું પણ કહો પણ તે હતા તો ભારતના લોખંડી પુરૂષ. તેમની એ પણ હિમંત ન થઈ કે તે ગાંધીને યાદ અપાવે કે તેમને મોડુ થઈ રહ્યું છે.

છેવટે તેમણે ગાંધીની ખિસ્સા ઘડિયાળ ઉઠાવી અને ધીરેથી હલાવીને ગાંધીને યાદ અપાવવાનો પ્રયત્ન કર્યો કે તેમને મોડું થઈ રહ્યું છે. તેથી મણિબેને હસ્તક્ષેપ કર્યો અને ગાંધી જ્યારે પ્રાર્થના સભામાં જવા માટે ઉઠ્યા તો પાંચ વાગીને ૧૦ મિનિટ થવા આવી હતી. ગાંધીજીએ તરત પોતાની ચપ્પલ પહેરી અને પોતાનો ડાબો હાથ મનુ અને જમણો હાથ આભાના ખભા પર મુકીને સભા તરફ ચાલી નીકળ્યા. રસ્તામાં તેમણે આભા સાથે મજાક કરી.

ગાજરોનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યુ કે આજે તે મને ઢોરને ખવડાવે તેવુ જમવાનું આપ્યું. આભાએ જવાબમાં કહ્યુ, 'પણ બા તો આ ખોરાકને ઘોડાનો ખોરાક કહેતી હતી.' ગાંધી બોલ્યા, 'મારી દરિયાદિલી જુઓ કે હુ તેનો આનંદ ઉઠાવી રહ્યો છું, જેની કોઈ પરવા નથી કરતું.'

આભા હસી પણ ટોકવાનું પણ ન ભૂલી, 'આજે તમારી ઘડિયાળ વિચારી રહી હશે કે તેની ઉપેક્ષા કરવામાં આવી રહી છે.'

ગાંધી બોલ્યા, 'હું મારી ઘડિયાળ તરફ કેમ જોઉ.' પછી ગાંધી ગંભીર થઈ ગયા, 'તમારે કારણે મને ૧૦ મિનિટ મોડુ થઈ ગયુ છે. નર્સનુ એ કર્તવ્ય હોય છે કે તે પોતાનુ કામ કરે ભલે ત્યાં ઈશ્વર પણ કેમ હાજર ન હોય. પ્રાર્થના સભામાં એક મિનિટનું પણ મોડું થાય તો મને ચિડ ચઢે છે.'

આ વાત કરતા-કરતા ગાંધી પ્રાર્થના સ્થળ સુધી પહોંચી ચુક્યા હતા. બંને બાળકીઓના ખભા પરથી હાથ હટાવીને ગાંધીએ લોકોના અભિવાદનના જવાબમાં હાથ જોડી લીધા.

ડાબી બાજુથી નથુરામ ગોડસે તેમની તરફ નમ્યો અને મનુને લાગ્યું કે તે ગાંધીના પગે પડવાની કોશિશ કરી રહ્યો છે. આભાએ ચિડાઈને કહ્યુ કે તેમને પહેલા જ મોડું થઈ ચૂક્યું છે. તેમના રસ્તામાં અવરોધ ન ઉભો કરવામાં આવે. પણ ગોડસેએ મનુને ધક્કો માર્યો અને તેના હાથમાંથી માળા અને પુસ્તક નીચે પડી ગયાં.

તે પુસ્તક અને માળા ઉઠાવવા માટે નીચે નમી ત્યારે જ ગોડસેએ પિસ્તોલ કાઢી અને એક પછી એક ત્રણ ગોળીઓ ગાંધીજીની છાતી અને પેટમાં ઉતારી દીધી.

તેમના મોઢામાંથી નીકળ્યું, 'રામ..' અને તેમનું જીવનહીન શરીર નીચે તરફ પડવા લાગ્યુ. આભાએ નીચે પડી રહેલા ગાંધીના મસ્તકને પોતાના હાથનો સહારો આપ્યો. પછી નથુરામ ગોડસેએ પોતાના ભાઈ ગોપાલ ગોડસેને જણાવ્યુ કે બે છોકરીઓને ગાંધીની સાથે જોઈને તેઓ થોડા પરેશાન થયા હતા.

તેમણે જણાવ્યુ હતુ.. 'ફાયર કર્યા પછી મેં કસીને પિસ્તોલને પકડતા પોતાનો હાથને ઉપર ઉઠાવી રાખ્યો અને પોલીસ. પોલીસ.. બૂમો પડવા લાગ્યો. હુ ઈચ્છતો હતો કે કોઈ એ જુએ કે આ યોજના બનાવીને અને જાણીજોઈને કરવામાં આવેલુ કામ હતુ. મેં કોઈ રોશમાં આવીને આવુ કામ નહોતુ કર્યુ. હું એવુ પણ નહોતો ઈચ્છતો કે કોઈ કહે કે મેં ઘટનાસ્થળ પરથી ભાગવાની કે પિસ્તોલ ફેંકવાની કોશિશ કરી હતી. પણ એકાએક બધુ જાણે થંભી ગયુ અને ઓછામાં ઓછા ત્રણ મિનિટ સુધી કોઈ મારી પાસે ફરક્યુ નહીં.'

નાથુરામને જેવો પકડવામાં આવ્યો કે ત્યા હાજર માળી રઘુનાથે પોતાની ખૂરપીથી નથુરામના માથા પર વાર કર્યો જેનાથી તેના માથામાંથી લોહી નીકળવા માંડ્યુ. પણ ગોપાલ ગોડસેએ પોતાના પુસ્તક 'ગાંધી વધ ઔર મેં'માં આ વાતનુ ખંડન કર્યુ છે. હા પણ તેમના પકડાયા પછી થોડી મિનિટોમાં જ કોઈએ લાકડીથી નથુરામના માથા પર ઘા કર્યો હતો જેનાથી તેમના માથામાંથી લોહી વહેવા લાગ્યુ હતું.

150 ગાંધીયાત્રા

ગાંધીની હત્યાના થોડી જ મિનિટોમાં વાયસરૉય લોર્ડ ત્યા પહોંચી ગયા. કોઈએ ગાંધીજીના સ્ટીલ રિમના ચશ્મા ઉતારી દીધા હતા. મીણબત્તીની લાઈટમાં ગાંધીના નિષ્પ્રાણ શરીરને ચશ્મા વગર જોઈને માઉંટબેટન તેમને ઓળખી પણ શક્યા નહીં.

કોઈએ માઉંટબેટનના હાથમાં ગુલાબની કેટલીક પંખડીઓ પકડાવી દીધી. લગભગ શૂન્યમાં તાકતા માઉંટબેટને તે પાંખડીઓ ગાંધીના પાર્થિવ શરીર પર ચઢાવી. આ ભારતના અંતિમ વાયસરોયની એ વ્યક્તિને અંતિમ શ્રદ્ધાંજલિ હતી જેમણે તેમની પરદાદીના સામ્રાજ્યનો અંત કર્યો હતો.

મનુએ ગાંધીનુ માથું પોતાના ખોળામાં લીધુ હતુ અને એ માથાને પંપાળી રહી હતી જેનાથી માનવતાના હકમાં અનેક મૌલિક વિચાર ફૂટ્યા હતા.

બર્નાડ શૉ એ ગાંધીના મોત પર કહ્યું, 'એ દેખાય છે કે સારુ થવુ કેટલું ખતરનાક હોય છે.'

દક્ષિણ આફ્રિકાથી ગાંધીના ઘુર વિરોધી ફીલ્ડ માર્શલ જૈન સ્મટ્સએ કહ્યુ, 'અમારી વચ્ચેનો રાજકુમાર નથી રહ્યો.'

કિંગ જોર્જ ષષ્ટમે સંદેશ મોકલ્યો, 'ગાંધીના મોતથી ભારત જ નહી સંપૂર્ણ માનવતાને નુકશાન થયું છે.'

મહાત્મા ગાંધીની શવયાત્રામાં પંડિત જવાહરલાલ નેહરુને સૌથી ભાવુક સંદેશ પાકિસ્તાનથી મિયાં ઈફ્તિખારુદ્દીન તરફથી આવ્યો, 'ગયા મહિનાઓમાં આપણામાંથી જેમણે માસૂમ પુરૂષો, સ્ત્રીઓ અને બાળકો પર પોતાનો હાથ ઉઠાવ્યો છે કે આવી હરકતનું સમર્થન કર્યુ છે, ગાંધીની મોતનો એ ભાગીદાર છે.'

મોહમ્મદ અલી જીન્નાએ પોતાના શોક સંદેશમાં કહ્યુ, 'તે હિંદુ સમુહના મહાન લોકોમાંથી એક હતા.'

જ્યારે જિન્નાના એક સાથીએ તેમને સમજાવવાની કોશિશ કરી કે ગાંધીનુ યોગદાન એક સમુદાયથી અનેક ગણું ઉપર હતુ. જિન્ના પોતાની વાત પર કાયમ રહ્યા અને બોલ્યા, 'ધેટ ઈઝ વૉટ હી વૉઝ - અ ગ્રેટ હિંદુ.'

જ્યારે ગાંધીના પાર્થિવ શરીરને અગ્નિ આપવામાં આવી રહી હતી ત્યારે મનુએ પોતાનો ચહેરો સરદાર પટેલના ખોળામાં મુકી દીધો હતો અને રડી રહી હતી. જ્યારે તેણે પોતાનો ચેહરો ઉઠાવ્યો અને અનુભવ કર્યો કે સરદાર અચાનક વૃદ્ધ થઈ રહ્યા હતા.



# એમ.એસ.સી. કર્યા પછી કયા વિકલ્પો ઉપલબ્ધ છે?




નમસ્કાર. વાચકમિત્રો, આપનો સાથ અને સહકાર અમૂલ્ય છે. આપ લોકોના નિયમિતપણે આવતા ફીડબેક મારા આ કોલમ પ્રતિ ના લગાવ ને વધારે ને વધારે મજબૂત કરે છે. મને કહેતા ખૂબ આનંદ થાય છે કે હવે આ કોલમ ના વાંચકો માત્ર ગાંધીનગર શહેર માં જ નહિ પણ ગાંધીનગર ની આસપાસ ના વિસ્તારો માં પણ વધી રહ્યા છે. સરસ વાત તો એ છે કે કેટલાક લોગો આ કોલમ ઓન-લાઈન વાંચી રહ્યા છે અને પ્રશ્નો પૂછી જ્ઞાનવર્ધક વાતો માં સહભાગી થઈ રહ્યા છે. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહી પણ અન્ય શેહરો અને ગામો જેમ કે હિમતનગર, મોડાસા, કડી, કાલોલ, ભિલોડા, માણસા, ચાંદખેડા, પાલનપુર, અંબાજી, વગેરે શહેરોથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ મને ખૂબ પ્રોત્સાહિત કરે છે. પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ હું કોશિશ કરતો રહીશ. જગ્યાની મર્યાદા હોવા થી બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/questions.careercorner પર

**૧. હું બી.એસ.સી.માં અભ્યાસ કરુ છુ. એમ.એસ.સી. વિષે માહિતી અપશો અને એ બાદ કારકિર્દી માટે કયા વિકલ્પ ઉપ્લબ્ધ છે?**

**- હિતેશ રાણા , હિમતનગર**

હિતેશ ,એમ.એસ.સી એટ્લે કે માસ્ટર ઈન સાયન્સ આપ બી.એસ.સી પૂર્ણ કર્યા બાદ કરી શકો છો જે બે વર્ષ નો કોર્સ હોય છે.હવે આપ આપનુ એમ.એસ.સી. આપના કોઇ પણ એક મનપસંદ અને આપની રુચિ મુજબ સાયન્સના વિષયનું ચયન કરી તેમાં નિષ્ણાત બની શકો છો. વિષયો જેમ કે કેમીસ્ટ્રી, ફિઝિક્સ , મેથેમેટિક્સ ,માઇક્રો બયોલોજી વિગેરેમાં આપ તેમાં વિશેષજ્ઞતા મેળવી શકો છો. ઉપર જણાવેલ વિકલ્પોમાંથી એ વિષયમાં વિશેષજ્ઞતા મેળવવી ક જેમાં આપને પોતાનું કરિયર બનાવવામાં રસ હોય. એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ મોટાભાગના વિકલ્પોને બે ભાગમાં વિભાજિત કરી શકાય. એ) આગળ ભણવાનું બી) નોકરી (જોબ). હવે એમ.એસ.સી. પૂર્ણ કર્યા બાદ આપના માટે એકાધિક વિકલ્પ ઉપ્લબ્ધ છે જે આપ પસંદ કરી શકો છો. આગળ ભણવું હોય તો આપ તે ભારતમાં ભણી શકો છો અથવા તો વિદેશમાં પોતાનું ભણતર આગળ કરી શકો છો. સૌપ્રથમ વિકલ્પ છે પી.એચ.ડી. જો આપ આપના અભ્યાસને આગળ વધારવા માંગો છો તો આપ આ વિકલ્પ પસંદ કરી શકો છો. પી.એચ.ડી. થયા બાદ આપ રિસર્ચ (સંશોધન) અથવા તો શિક્ષણ જગત માં આગળ વધી શકો છો. આપ આગળ એમ.ફિલ.



પણ કરી શકો છો. એમ.ફિલ. એ મોટાભાગે સંશોધન એટ્લે કે રિસર્ચ પર આધારિત હોય છે. અન્ય એક વિકલ્પ છે આપ કોઈ કંપનીમાં જોબ મેળવી શકો છો. એટ્લેકે આપ એમ.એસ.સી. બાદ પ્રાઈવેટ કક્ષાની જોબ મેળવી શકો છો. એમ.એસ.સી. કર્યા બાદ ખૂબ સારી તકો મળતી હોય છે. અન્ય એક વિકલ્પ મુજબ આપ કોઈ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટમાં સાયન્ટીફિક આસિસ્ટન્ટ તરીકે જોબ મેળવી શકો છો.અન્ય એક આ બધા થી અલગ પડ્તો અને પ્રચલિત વિકલ્પ છે ગવરમેન્ટ જોબ.આપ એમ.એસ.સી બાદ ગ્રેજ્યુએટ સ્તરની કોઇ પણ ગવરમેંટ (સરકારી) જોબ માટે અરજી કરી શકો છો. સરકારી નોકરીમાં પણ અલગ-અલગ સ્પર્ધાત્મક પરીક્ષાની વાત કરીએ તો બેંકિંગ, એસ.એસ.સી (સ્ટાફ સિલેક્સન કમિશન) , જી.પી.એસ.સી , યુ.પી.એસ.સી વગેરે પરીક્ષા હોય છે જે આપ પોતાની પસંદગી અને લાયકાત મુજબ આપી શકો છો. જણાવેલ વિકલ્પો ઉપરાંત અન્ય વિકલ્પ પણ ઉપલબ્ધ છે. આપ યોગ્ય મહેનત કરીને એક ઉત્કુષ્ઠ કારદિર્દી બનાવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ!

**૨.હું હાલ ગવર્મેન્ટ જોબની તૈયારી કરું છુ.તો એના માટે પોતાની જાતે (સેલ્ફ સ્ટડી) કોઇ પણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કઇ રીતે કરી શકાય?**

**- ભૂમિકા પટેલ , ગાંધીનગર**

ભૂમિકા, એ જાણી ને આનંદ થયો કે આપનો ધ્યેય નક્કી છે અને આપ ગવરમેન્ટ જૉબ મેળવવા ઈચ્છો છો. હવે આપ એ માટે લેવામાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી પોતાની જાતે કરવા ઈચ્છો છો તેના મહત્વના મુદ્દા આપની સમક્ષ રજૂ કરીશું. સૌપ્રથમ તો આપની આપના ધ્યેય પ્રત્યે ગંભીરતા હોવી જરૂરી છે જે તમને સફળ થવા માટે ચોક્કસ મદદરૂપ થશે. સામાન્ય રીતે આપ કોઈ ક્લાસીસમાં જોડાવો છો તો આપને જોઈતું વાતાવરણ મળી શકતું હોય છે. જો આપ સેલ્ફ સ્ટડી કરતાં હોવ તો આપની મેહનત સતત અને નિયમિત હોવી જોઇએ એટ્લે કે આપે જે તે વિષય માટે વાંચન નિયમિત રીતે કરવું જરૂરી છે. એ માટે આપે સૌથી પહેલા તો જે તે પરીક્ષા નો અભ્યાસક્રમ જોવો જરૂરી છે. તેમાં આપેલ વિષય અને એમના ગુણભાર પ્રમાણે ટાઈમ ટેબલ બનાવવું અને એ અનુરુપ રોજ વાંચન કરવું. અભ્યાસક્રમ માટે આપ જે તે પરીક્ષાની સત્તાવાર સૂચના ધ્વારા જાણી શકો છો અને એને અનુરુપ તૈયારી કરી શકો છો. આ દરેક પરીક્ષામાં મુખ્યત્વે ગણિત , અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને જગ્યાને અનુરુપ પ્રશ્નો પૂછાતા હોય છે. ગણિતની વાત કરીએતો એ માટે આપ ને સૌપ્રથમ અમૂક



ગણિતના સામાન્ય નિયમો જાણી લેવા જોઇએ અને અમૂક શોર્ટ-કટ આવડવા જરૂરી છે જે માટે આપ કોઈ સારા પૂસ્તક ની મદદ લઈ શકો છો. એ જ પ્રમાણે આપ અંગ્રેજી અને જનરલ નોલેજ માટે અંગ્રેજી ન્યૂઝપેપરનું નિયમિત વાંચન કરી શકો છો. એ સિવાય સામાન્ય જ્ઞાનમાં ભૂગોળ , ઇતિહાસ , બંધારણ, જાહેર વહીવટ જેવા વિષયનો સમાવેશ થાય છે અને તે માટે આપ જી.સી.ઈ.આર.ટી અથવા એન.સી.ઈ.આર.ટી ના ધો.૫ થી ૧૦ના પૂસ્તકનું વાંચન કરી શકો છો. આવું કરવાથી આપનો પાયો મજબૂત બનશે અને ત્યારબાદ બજારમાં ઉપ્લબ્ધ કોઈ સારા પૂસ્તકનું ચયન કરવુ જરૂરી છે. અહીં એક વાત જણાવવા માંગીએ છીએ કે "કોઈ એક જ વિષયના દસ અલગ-અલગ પુસ્તક વાંચવા કરતા એક જ પુસ્તક દસ વખત વાંચવુ વધુ યોગ્ય છે". એટ્લેકે કોઈ એક વિષયના બજારમાં ઉપ્લબ્ધ એકાધિક પુસ્તક કરતા એક જ યોગ્ય પૂસ્તકનું નિયમિત વાંચન કરવુ. એ સિવાય આપ અલગ-અલગ વિષયનું જ્ઞાન મેળવવા માટે ઈન્ટરનેટ અથવા યુ-ટ્યુબનો પણ ઉપયોગ કરી શકો છો. આમ આપ ગંભીરતાપૂર્વક નિયમિત અને સતત મેહનત કરીને કોઇ પણ પરીક્ષામાં ઉત્તિર્ણ થઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. શુભકામનાઓ એક જ્વલંત કારકિર્દી માટે!

**૩. હું બી.ફાર્મ માં અભ્યાસ કરું છુ. ડ્રગ ઇન્સ્પેકટર બનવા માંગુ છું. માહિતી આપશો.**

**- પિયુષ ખરાડી, ગાંધીનગર**

યુ.પી.એસ.સી. (યુનિયન પબ્લિક સર્વિસ કમિશન) દ્વારા કેન્દ્ર સરકારની સંસ્થાઓ હેઠળ ડ્રગ ઈન્સ્પેક્ટરના પોસ્ટમાં બધા લાયક ઉમેદવારો માટે ડ્રગ ઈન્સ્પેક્ટર પરીક્ષા હાથ ધરવામાં આવે છે. અરજદારોની ઉંમર મર્યાદા ૨૧ વર્ષથી ૩૫ વર્ષની વચ્ચે હોવી આવશ્યક છે. આરક્ષિત કેટેગરીના ઉમેદવારો માટે ૫ વર્ષની છૂટ આપવામાં આવે છે. ચોક્કસ પરીક્ષા પેટર્ન અને અભ્યાસક્રમ નિશ્ચિત નથી જે પરીક્ષા હાથ ધરે છે તે સત્તાધિકાર મુજબ બદલાય છે. પસંદગીનો પ્રથમ રાઉન્ડ લેખિત પરીક્ષણ છે. બીજો રાઉન્ડ એ ફીઝીકલ ફિટનેસ રાઉન્ડ છે. અંતિમ પસંદગી પહેલા વાઈવામાં સારી રીતે સ્કોર કરવો જોઈએ. ડ્રગ અને કોસ્મેટિક્સ નિયમો, ૧૯૪૫ માં સૂચિ 'સી' માં ઉલ્લેખિત ઓછામાં ઓછા એક પદાર્થના ઉત્પાદનમાં અથવા પરીક્ષણમાં અઢાર મહિનાનો અનુભવ, ડ્રગ અને કોસ્મેટિક્સ નિયમો ૧૯૪૫ માં સૂચિ 'સી' માં ઉલ્લેખિત કોઈપણ પદાર્થોને ઉત્પાદિત કરતી કંપનીઓના નિરીક્ષણમાં ત્રણ વર્ષનો અનુભવ જરૂરી હોય છે.આમ જો આપ આ આપેલ ત્રણ માંથી કોઈ એક પણ લાયકાત ધરાવો છો તો આપ આ પરીક્ષા માટે લાયક ઠરો છો.હવે પરીક્ષા ની વાત કરીએ તો આ પરીક્ષા મુખ્યત્વે ત્રણ તબક્કા માં લેવામાં આવે છે.પ્રથમ છે ઓબ્જેક્ટિવ એટ્લે કે ઓ.એમ.આર આધારિત પરીક્ષા એ ઉત્તિર્ણ કર્યા બાદ લેખિત પરીક્ષા



અને ત્યાર બાદ ઈન્ટરવ્યુ. એમાં સૌથી મહત્વ નો પડાવ છે પ્રિલિમ્સ પરીક્ષા. જેમાં બે પેપર આવતા હોય છે.પ્રથમ પેપર ૨૦૦ માર્ક્સ નુ આવે છે જેમાં મુખ્યત્વે આપના વિષય અધારીત એટ્લે કે આપ આપના ફાર્મસી દરમ્યાન જે પણ વિષય નો અભ્યાસ કર્યો છે એ અનુરૂપ પૂછવામાં આવે છે. દ્વિતીય પેપર આપનુ ૫૦ માર્ક્સ નુ આવે છે જેમાં આપને જનરલ સ્ટડિઝ એટ્લે કે સામાન્ય જ્ઞાન અને મેન્ટલ એબિલિટી એટ્લે કે તર્ક અધારિત પ્રશ્નો પૂછ્વામાં આવે છે.આ પરીક્ષા પાસ કર્યા બાદ લેખિત પરીક્ષા આપવાની હોય છે જેમાં મુખ્યત્વે અંગ્રેજી અને આપના વિષય ને લગતા પ્રશ્નો પૂછ્વામાં આવે છે જેના જવાબ આપે લેખિત સ્વરૂપે આપવાના હોય છે.જે ઉત્તિર્ણ કર્યા બાદ આપ ઈન્ટર્વ્યુ માટે લાયક ઠરો છો.આમ આ ત્રણ તબક્કા પાસ કર્યા બાદ આપે ડ્રગ ઈન્સ્પેક્ટરની પરીક્ષા ઉત્તિર્ણ કરી ગણાય છે.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ ઍડ્ર., મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ : questions.careercorner@gmail.com
વોટ્સએપ નંબર : 8849221653
ફેસબુક: www.facebook.com/questions.careercorner